# ગરીબી માણસના ઘરમાં હોઈ શકે, હૃદયમાં નહીં

આપણી આસપાસ
★ મિત્તલ પટેલ

અમરેલી જિલ્લાના બગસરાની સાંકડી ગલીઓમાંથી પસાર થઈ અમે ઓધવજી બાપાની ખડકીએ પહોંચ્યા. ખડકી ખોલી અમે આંગણામાં દાખલ થયા. કાચી દીવાલો, જૂનું નળિયાવાળું છાપરું, જાણે વર્ષોથી ગરીબીનો ભાર સહન કરતું નાનકડું ઘર જ જોઈ લો. ઘર આગળની ઓસરીમાં એક જૂના ખાટલોને એક હીંચકો. એ સિવાય થોડી ખુરશીઓ. ભીંત કબાટની અંદર દવાની શીશીઓ. આમ ઘરમાં નજર ફેરવીએ તો સંપત્તિ ગણાય એવું ત્યાં કશું નહોતું. જાણે ગરીબીએ અહીંયા વર્ષોથી કાયમી વસવાટ કર્યો હતો.

અમને જોતા જ ઓધવજી બાપાએ ખાટલા પરથી ધીમે ધીમે ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ તેમના પગ ધ્રૂજતા હતા. એ પગને બહુ ઊંચો પણ નહોતા કરી શકતા. એમણે આવો આવો એમ કહી બે ડગલાં માંડ્યા ત્યાં તો એમને શ્વાસ ચડી ગયો. એમની સ્થિતિ જોઈને અમે એમને, “બાપા બેસી જાવ” એમ કહીને ખાટલા પાસે પડેલી ખુરશી પર બેસાડ્યા. શ્વાસ ચડતો હતો, શરીર સાથ નહોતું આપતું છતાં એમના ચહેરા પર અદ્ભુત શાંતિ હતી.

મેં એમને કહ્યું, “રમેશભાઈ તમારી ઘણી વાતો કરે, એ કહે એક ફેરા તમે બગસરા આવો તો બાપાને અને બાને ખાસ મળવા જશું એટલે હું આવી.”

“તે ભલે આવ્યા બાપલા. એ જાને..” એમ કહીને એમણે સવિતાબાને કહ્યું, “કાંક ટાઢુ લઈ આવ. ઠેઠ અમદાવાદથી આઈવા સે.”

“ના બાપા મારે કાંઈ નથી પીવું, હું જમીને જ આવી છું. મેં તમારી દરિયાદીલીની વાતો સાંભળેલી એટલે મળવાનું મન હતું.” મારી વાત સાંભળી બાપાએ મર્માળુ સ્મિત ક્યું ને કહ્યું, “પાહે હતું ન્યા લગી હંધાયને દીધું. કારણ વગરનું ભેગુ કરીને હું કરવાનું? આ લગન કરીને આઈવી એ ટાણે હું દુકાન હંકારતો. દુકાનમાં કોઈ દુખિયારુ આવેને મદદ માંગે તો હું એને ગલ્લાનો વકરો દઈ દેતો. ઘેર આવું ને તમારી બા પુસે કે આજ કેટલો વકરો થ્યો? તો હું કઈ દઉં, આજે ઘરાગી જ નોતી. મને આમનો સ્વભાવ ખબર નહીં એટલે ઘરમાં કંકાસ નો થાય એટલે હું કાંઈ કઉં નહીં પણ પસી મને ખબર પડી કે આય મારા જેવી એટલે પસી કોઈ દિ મદદમાં પાસુ વળી ને જોયું નથ.”

> ઘણી વખત દવાખાન જવા માટેનું ભાડું એમની પાસે ન હોય. છતાં સાયકલ વેચીને થોડા પૈસા મેળવી લેવાની લાલચ એમના મનમાં ન આવી. પોતાના જેવા જરૂરિયાતમંદ કોઈના ઉપયોગમાં જો એ આવી શકે તો સારું

“આપણે ત્યાં કહેવત છે, જવાનીનું રળેલું ને પરોઢિયાનું દળેલું આપત્તિમાં કામ લાગે. તમારે વસ્તાર નહીં. ઘડપણમાં કામ નહીં થાય છતાં તમે ઘડપણ નિરાંતે પસાર થાય એ માટે ભેગુ ન કર્યું. આવું કેમ?”

“આયોજન હોય તો સારું. પણ ભવિષ્યની ચિંતા કરીને વર્તમાનમાં ન જીવું એવો હું મૂર્ખ નહોતો. આપણે જાણીએ કે હારે તો કરેલા કર્મો જ આવવાના. એટલે એમાં તો કેમનું પાછુ પડાય? પાછુ મને મારા દિનાનાથ પર પાક્કો ભરોષો. એ મને ક્યાં ભૂખ્યો રાખે. આ હાથ પગ કામ કરતા બંધ થાય કે એણે તમને કેવા મોકલી આઈપા!” આટલું કહીને બાપા હસ્યા.

અમારા કાર્યકર રમેશભાઈએ કહ્યું, “બાપની એક મજાની વાત કરુ. એમની પાસે ત્રણ પૈડાંવાળી સાયકલ હતી. બાપા એ ચલાવતા, પણ પછી બાપાના હાથ પગ કામ કરતા બંધ થયા. હું દર મહિને બાપાને રાશન આપવા આવું. તે એક દિવસ મને ખડકીના એક ખૂણામાં પડેલી સાયકલ તરફ આંગળી ચીંધીને એમણે કહ્યું, ”ભાઈ, આ સાયકલ કોઈ જરૂરિયાતમંદને દઈ દેજો. અમારે હવે એ કાંઈ કામની નથી.”

એમની આ વાત સાંભળી એક ક્ષણ માટે તો હું મૌન થઈ ગયો. એમની સ્થિતિ મને ખ્યાલ હતી. ઘણી વખત દવાખાન જવા માટેનું ભાડું એમની પાસે ન હોય. છતાં સાયકલ વેચીને થોડા પૈસા મેળવી લેવાની લાલચ એમના મનમાં ન આવી.



પોતાના જેવા જરૂરિયાતમંદ કોઈના ઉપયોગમાં જો એ આવી શકે તો સારું. એ વિચાર એમને આવ્યો.

રમેશભાઈની વાત સાંભળી હું પણ અવાક થઈ ગઈ. અમે ઘણી વખત કહીએ કે, દાતારીનો સંબંધ સંપત્તિ સાથે નથી પણ હૃદય એટલે કે મનના ભાવ સાથે. આપણે ઘણીવાર સમૃદ્ધિને બેંક બેલેન્સથી માપીએ. પરંતુ માણસની સાચી સંપત્તિ એના વિચારોમાં. એ અહીંયા સાર્થક થયેલુ જણાતુ હતું. મેં બાપાને પૂછ્યું, ”તમારું ગુજરાન કેવી રીતે ચાલે?”

બાપા હસી પડ્યાને કહ્યું, ‘‘મોદી સરકારના બારસો રૂપિયા આવેને દર મહિને તમારી રાશન કીટ આવે. ઘરમાં અમે બે જણ. અમારે કેટલું જોઈએ? બસ ચાલી જાય આમાંથી.”

બાપાને દર મહિને પાંચસો રૂપિયાની દવા જોઈએ. ઘરમાં કોઈ કમાવનાર નથી. પાછલી અવસ્થામાં સંભાળ રાખનાર કોઈ નથી. જીવવા માટેનો સતત સંઘર્ષ છતાં ફરિયાદનો એક અણસાર બાપાનો મોંઢે ન સાંભળાય.

બાપાના ઘરની આસપાસ મુસ્લિમ પરિવારો રહે. આજે સમાજ ધર્મના વડાઓમાં વહેંચાઈ ગયો છે ત્યારે બગસરાની આ ગલીમાં માનવતા મહેકે. દર મહિને બાપાને અમરેલી સરકારી દવાખાને દવા લેવા જવું પડે. બાપા માંડ માંડ ચાલે એમાં બસ સ્ટેશને જઈને બસ પકડવાનું અસંભવ. બાપાની આ સ્થિતિ પડોશી યુવાનો જાણે. એમણે બાપાને દર મહિને દવાખાને લઈ જવાની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી. બાપા પાસે સગવડ હોય તો રીક્ષામાં ગેસ પુરાવી દે પણ એ યુવાન આખો દિવસ બાપા સાથે રહીને ડૉક્ટરને બતાવી, દવા લેવડાવી એમને પાછા ઘરે લઈ આવે. આ સિવાય રાત વરત જ્યારે જરૂર પડે ત્યારે પડોશી યુવાનો પોતાની જવાબદારી સમજીને એક અવાજ પર દોડી આવે. બાપાનો આ બધા સાથે લોહીનો સંબંધ નથી, પણ લાગણીનો સંબંધો ઘણો ગાઢ. બાપા સાથે ઘણી વાતો કરી. એ પછી રજા લઈને અમે ઘરમાંથી બહાર નીકળ્યા. ખડકીના દરવાજા બહાર એક કૂંડી પડી હતી જેમાં પાણી ભર્યું હતું. આ કૂંડીમાં પાણી કોણ નાખે? એવું ખડકીમાંથી બહાર નીકળતા પુછ્યું તો, બાએ કહ્યું, “રોજ સવારે બાપા હળવે ચાલીને આ કુંડી ભરે.” આ સાંભળીને મે બાપા સામે જોઈને, “પણ આવી હાલતમાં ક્યાંક પડી જશો તો તકલીફ થશે.” મારી વાત સાંભળી બાપાએ કહ્યું, “બાપડા પંખીડા, કૂતરા, ગાવડા આ બધાય મારા આંગણે વરસોથી આવે. હું કાંઈ આજ કાલનો કૂંડી નથ ભરતો વરસોથી રોજ હવારના ઊઠીને ચકલાને ચણ નાખુ ને પછી આ કૂંડી ભરુ તે એ બધા એક આશા સાથે મારા ઘરના આંગણે આવે. આવામાં કૂંડી ખાલી ભાળે તો એમને કેવો નિસાસો પડે એટલે ગમે એવી તબીયત હોય તો પણ આ કૂંડી તો ભરવાની જ.”

પોતે માંડ ચાલી શકે. શરીર ધ્રૂજે. છતાં મૂંગા જીવો માટે રોજ પાણી ભરવાનું બાપા ચૂકતા નથી. ગરીબી માણસના ઘરમાં હોઈ શકે, હૃદયમાં નહીં ઓધવજીબાપાનું જીવન જોઈને આ વાક્ય સહજ બોલાઈ ગયું.

# કપડાં સીવવાનો સંચો શોધાયો ન હોત તો?

ઘટ ઘટ પાની
★ માવજી મહેશ્વરી

વસ્ત્રો વિશે કહેવાયું છે કે એક નૂર આદમી હજાર નૂર કપડાં. કહેનારે તો આગળ ઘણું કહ્યું છે, પણ અહીં લખેલા વાક્યમાં જીવનમાં વસ્ત્રોનું મહત્વ કેટલું છે તે પ્રતિત થાય છે. ઘડીભર કલ્પના કરીએ કે જો સોય અને દોરો શોધાયા જ ન હોત તો? જો સીવવાનો સંચો શોધાયો ન હોત તો? દુનિયાના અસંખ્ય યંત્રોમાંનું એક યંત્ર એવો કપડાં સીવવાનો સંચો આપણી કેટલી બધી સેવા કરે છે. સુંદર વસ્ત્રો પહેરવાની અને દેખાવડા લાગવાની ઈચ્છા મનુષ્યના લોહીની અંદર વહે છે. તેમાંય મહિલાઓનો વસ્ત્ર શોખ આદિકાળનો છે. વસ્ત્રોની બજાર મહિલાઓના આ સ્વભાવ ઉપર જ ચાલે છે એમ કહીએ તો પણ ચાલે એટલે જ બજારમાં પુરુષોના પ્રમાણમાં મહિલાઓના





વસ્ત્રોની ડિઝાઈન અને રંગોની વિપુલતા વધારે હોય છે. જોકે સંચાની સાથે સાથે દરજીને પણ યાદ કરવો જોઈએ. કેમકે દરજી આપણાં દેહના આકારને નિખારી આપતો કારીગર છે. સિલાઈનો સંચો શોધાયો તે સમય અને વર્તમાન સમય વચ્ચે ઘણું અંતર પડી ગયું છે. પણ તેમ છતાં ભારતીય ઉપખંડની પ્રજાની વસ્ત્ર પરંપરા જ એવી છે કે તે વસ્ત્રો કોઈ ફેક્ટરીમાં સીવવા શક્ય નથી. જેમકે બ્લાઉઝ. આ વસ્ત્ર પરંપરાએ જ હજુ સિલાઈના સંચાને સામાન્ય માણસની સાથે જોડી રાખ્યો છે એટલું જ નહીં, નાના મોટા અનેક કારીગરોનું રોજીનું કારણ બની રહ્યો છે સિલાઈનો સંચો.

> વર્તમાન સમયમાં સરેરાશ બે હજાર જેટલા જુદી જુદી જાતના સિલાઈ કરવાના સંચા કપડાં સીવવા તેમજ અન્ય ઔદ્યોગિક એકમોમાં ખપ લેવાય છે

ઔદ્યોગિક ક્રાંતિનો અઢારમી સદીનો સમય પશ્ચિમની પ્રજાનો ઊર્જા વિસ્ફોટનો સમય હતો. એ સમય દરમિયાન જ કેટલીય એવી મશીનો શોધાઈ જેણે જગતની અનેક ક્ષિતિજોને વિસ્તારી નાખી. એ પ્રારંભિક શોધોના અતિ આધુનિક સ્વરૂપો જગત આજે જોઈ રહ્યું છે. સિલાઈનો સંચો પણ એમાનું એક યંત્ર છે જેના આજે પોર્ટેબલ સ્વરૂપો ઉપલબ્ધ છે. વર્તમાન સમયમાં સરેરાશ બે હજાર જેટલા જુદી જુદી જાતના સિલાઈ કરવાના સંચા કપડાં સીવવા તેમજ અન્ય ઔદ્યોગિક એકમોમાં ખપ લેવાય છે.

સીવેલાં કપડાંનો ઈતિહાસ ઘણો જૂનો છે. પરંતુ એ વસ્ત્રો હાથથી સીવાતા હતા. એટલે સિલાઈના સંચાની શોધથી પહેલા સોય અને દોરાની શોધ થઈ ચૂકી હતી. સિલાઈ મેશીનમાં મોચીની યુક્તિ સમાયેલી છે. મોચી ખાંચાવાળી આર દ્વારા સળંગ દોરા ઉપર બીજા દોરા વડે આંટી મારે છે. મોચી હાથથી જે કામ કરે છે એજ પ્રયુક્તિ દરજીનું મશીન સોય અને બોબિન વડે કરે છે. પરંતુ આ મશીન અનેક પડકારો અને મુશ્કેલીઓ વચ્ચેથી પસાર થયું છે. સિલાઈ મશીનની વાસ્તવિક શોધ ૧૮૪૫માં થઈ હતી. જોકે તેનાથી પહેલા ૧૭૫૫ અને ૧૭૯૦માં સિલાઈ મશીનની પેટન્ટ રજૂ થઈ હતી. પરંતુ તેને ખાસ કોઈ આવકાર મળ્યો ન હતો. ૧૯૩૦માં બાર્થલેમ થિમાનિયર નામના એક ગરીબ દરજીએ ફ્રાન્સમાં લાકડાનું સિલાઈ મશીન પેટન્ટ માટે મૂક્યું. કોઈ કારણસર કેટલાક લોકોએ એ દરજીના વર્કશોપ ઉપર હૂમલો કર્યો. પોતાની મશીન અને જીવ બચાવી દરજીએ ભાગવું પડ્યું. તેણે તે પછી લોખંડનું મશીન બનાવ્યું અને ૧૮૪૫માં અમેરિકામાં એક મશીન તરીકે નોંધાવ્યું. પરંતુ દુનિયાની મશીનોના શોધકર્તાની યાદીમાં સિલાઈ મશીનની શોધ અમેરિકાના ઈલિયાસ હોવેના નામે ચડેલી છે. ઈલિયાસ હોવે ૧૦મી સપ્ટેમ્બર ૧૮૪૬ના રોજ આધુનિક સિલાઈ મશીનના પેટન્ટ લીધા હતા. ઈલિયાસ હોવેએ ૧૯૩૫માં અમેરિકાની એક ટેક્સટાઈલ કંપનીમાં પ્રશિક્ષક તરીકે કારકિર્દીની શરુઆત કરી હતી. તેમને ૧૮૪૬માં સિલાઈ મશીનના શોધકર્તા તરીકે પુરસ્કૃત કરાયા હતા. પરંતુ થયું એવું કે તેમણે મૂકેલી મશીન અમેરિકામાં કોઈ ખરીદવા તૈયાર થયું નહીં તો તેમના ભાઈએ છેક બ્રિટન જઈને એ મશીન ૨૫૦ પાઉન્ડમાં વેચી. દુનિયાને એક અદભૂત મશીન આપી જનાર ઈલિયાસ હોવે લોહીની બિમારીને કારણે માત્ર ૪૮ વર્ષની ઉંમરે દુનિયા છોડી ગયા. ભારતમાં ઓગણીસમી સદીના અંત ભાગમાં સિલાઈ મશીને પ્રવેશ કર્યો હતો. જેમા મુખ્ય બે જાત હતી. અમેરિકાની સીંગર અને ઈંગ્લેન્ડની પફ, ૧૯૩૫માં કલકતાના કારખાનામાં બનેલી ઊષા સંપૂર્ણ ભારતમાં બનેલી મશીન હતી. ઊષા કંપનીએ આજ પર્યંત પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. જોકે હવે ભારતમાં અન્ય કેટલીક કંપની સિલાઈ મશીન બનાવે છે અને અન્ય દેશોમાં નિકાસ પણ કરે છે.

શરૂઆતના સિલાઈના સંચા પગ વડે અને હાથ વડે ચાલતા હતા. હવે વીજળી દ્વારા ચાલતા સિલાઈના સંચા સામાન્ય બની ગયા છે. સામાન્ય માણસ ભલે સિલાઈ મશીનને ફક્ત કપડાં સિવવાના મશીન તરીકે ઓળખતો હોય છે પણ સિલાઈ મશીન દ્વારા આપણને બેગ્સ, પગરખાં, ગાદલાં જેવી વસ્તુઓ મળે છે. તે ઉપરાંત વિશાળ તંબુઓ, અનેક જાતના લશ્કરી સરંજામને આકાર આપનાર સિલાઈ મશીન જ છે. ઉપયોગ કરો અને ફેંકી દોની વિચાર ધારા વચ્ચે માનવીની મૂળ જરૂરિયાત એવો રોટી કપડાં ઔર મકાનનો મુદ્દો વિજ્ઞાનની આ હોનહાર સિદ્ધિઓ વચ્ચે પણ સપાટી ઉપર ચર્ચાઓ રહે છે.